
# માતૃપ્રેમ



કવિ બોટાદકરે લખ્યું છે કે; "મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે જનનીની જોડ સખી નહીં જડે રે લોલ."

માતૃપ્રેમનું આ કાવ્ય દરેક ગુજરાતીના હૃદયમાં ગુજતું રહ્યું છે. ઠેર ઠેર ગવાયું છે અને ગવાતું રહે છે. આ કાવ્યમાં માતાના પ્રેમનો મહિમા છે. માતાના પ્રેમ આગળ જગતની બધી વસ્તુઓ નકામી છે. ધન, દોલત, પૈસો કે પછી ઘરબાર બધું જ તુચ્છ છે. દુનિયામાં બધું પૈસાથી મળે પણ મા કે માતાના પ્રેમ મળતો નથી. કારણ માતાના પ્રેમમાં નરી સરળતા અને વહાલ હોય છે. તેમાં સ્વાર્થ હોતો નથી. માતાએ બાળકને માટે આપેલો ભોગ અને સામે પક્ષે સંતાનોએ માતા માટે આપેલા ભોગના અનેક કિસ્સાઓ સમાજમાં નોંધાયા છે.

આવો એક કિસ્સો આપણે સાંભળીએ. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર નામના મહાન વિદ્વાન થઈ ગયા. તેમને લગતી આ વાત છે. ઈ.સ. ૧૮૫૧માં કલકત્તાની ફોર્ટ વિલિયમ કૉલેજમાં માસિક રૂપિયા ત્રણસોના પગારે તેઓ પ્રોફેસર હતા. તે જમાનામાં એ મોટું પગારદાર પદ ગણાતું. સાહેબ તરીકેની ઘણી સગવડો તેમને મળતી હતી. લોકો તેમને આદરથી પ્રણામ કરતા. બહુ જ થોડા ભારતવાસીઓને આવો વૈભવ મળતો હતો. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર તેવા એક ભાગ્યશાળી અધિકારી હતા. તેમનાં માતાએ અંગ પરનાં ઘરેણાં વેચીને ભણાવેલા. બહુ જ ગરીબાઈમાંથી તેઓ ઊંચા પદે પહોંચ્યા હતા.

એક દિવસ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ઉપર તેમનાં માતૃશ્રીનો કાગળ આવ્યો. એમના નાના ભાઈનાં લગ્ન હતાં. ઈશ્વરચંદ્ર મોટા હતા. બધો પ્રસંગ પાર પાડવાનો હતો. કારણ કે માતુશ્રી એકલે હાથે પહોંચી વળે તેમ ન હતાં. એટલે આગ્રહ સાથે હાજર રહેવા કહ્યું હતું. લગ્નની તારીખ પણ નક્કી હતી.

તેઓ ગોરા સાહેબ પાસે લગ્નની તારીખે પોતે હાજર રહી શકે તે માટે રજા લેવા ગયા. ગોરા સાહેબે અરજી વાંચી અને કહ્યું કે "રજા મંજૂર થઈ શકશે નહીં." પત્ર ટેબલ પર પાછો મૂક્યો. ઈશ્વરચંદ્રે કહ્યું કે, ધોરણસર તેમની પાસે રજાઓ સિલક હતી તો મંજૂર કરવી જોઈએ.

ગોરા સાહેબે પરીક્ષાનું કારણ બતાવ્યું અને ના પાડી. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે વિનંતી કરી કે, "મારી માતાની આશા છે કે મારે લગ્ન પ્રસંગે હાજર રહી પ્રસંગ ઉજાળવો. મોટો હોવાથી મારે ત્યાં જઈને

બધું કામ પાર પાડવાનું છે." ગોરા સાહેબે હિન્દીઓને નોકરી કરતાં આવડતી નથી તેવા શબ્દો ઉચ્ચાર્યા. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને ગોરાનું અઘટિત વર્તન ગમ્યું નહિ. ચોખ્ખી ના પાડી દીધી.

ઈશ્વરચંદ્ર ઘેર ગયા. શું કરવું તેની ચિંતા થવા લાગી. માતાજીની આજ્ઞા કદી તેમણે ઉથાપી નહોતી. મોડો જઈશ તો માતાજી બહુ દુ:ખી થશે. મનોમંથન ચાલ્યું. ઊંઘ ના આવી. બહુ જ વિચારને અંતે તેમને માતાની આજ્ઞા મહાન લાગી. પણ તે નોકરી છોડ્યા સિવાય શક્ય ન હતું. નોકરીના રાજીનામાનો આખરી નિર્ણય તેમણે વિચારી લીધો. રાજીનામું લખી દીધું. કોલેજ ગયા. ગોરા સાહેબ આગળ ધરી દીધું. ગોરો પ્રિન્સીપાલ આ વાંચી આશ્ચર્યમાં પડી ગયો. માના પ્રેમ ખાતર આ માણસ સારી પગારદાર નોકરીને ઠોકર મારી રહ્યો હતો.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે ગોરાને કહ્યું કે, "સાહેબ, જાણું છું કે મારી મોટા પગારવાળી નોકરી જશે. પણ મારી માની આશા અને પ્રેમ આગળ આવી અનેક નોકરીઓ તુચ્છ છે. માતા મહાન છે. કોઈ પણ સંજોગોમાં લગ્નમાં પહોંચવું એ જ મારી મોટી ફરજ છે."

આ સાંભળી ગોરો હાકેમ સ્તબ્ધ બની ગયો. હિન્દીઓની માતાના પ્રેમની લાગણી આગળ ઝૂકી ગયો અને મનોમન નમન કર્યા. તે બોલ્યો, "ઈશ્વરચંદ્ર તમે ખુશીથી લગ્નમાં જાઓ. તમારી રજા મંજૂર કરું છું." આમ કહી તેમણે રાજીનામાનો કાગળ લઈ તેના ચૂરેચૂરા કરી દીધા અને ફેંકી દીધા. જનની માટેના પ્રેમનો આ અનુભવ હતો અને આવા હતા શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર. તેમને સ્મરીને આપણી છાતી ગૌરવથી ફૂલે છે.

જગદીશ ધનેશ્વર ભટ્ટ